
તા.૨૭/૧૦/૨૦૨૧

# અહેવાલ

વિષય: ખેરગામની સરકારી કોલેજના બેસ્ટ વોલિન્ટીયર્સ જયકુમાર બળવંતરાય પટેલને રાજ્ય કક્ષાનો રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ - ૨૦૧૯-૨૦૨૦ નો, માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ - ૧, સરદાર ભવન સચિવાલય, ગાંધીનગર ખાતે તા.૨૭/૧૦/૨૦૨૧ ને બુધવારના રોજ એનાયત કરાયો.




માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ - ૧, સરદાર ભવન, સચિવાલય ખાતે શિક્ષણ મંત્રીશ્રી શ્રીજીતુભાઈ વાંઘાણી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) શ્રી કુબેરભાઈ ડીંડોર, શિક્ષણ સચિવ ગુજરાત રાજ્ય શ્રી એસ. જે. હૈદર, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી એમ. નાગરાજ, રાજ્ય એન.એન.એસ. અધિકારી ઉ.શિ.ક. કચેરી શ્રી મહેશભાઈ મહેતા અને સ્ટેટ N.S.S. રીજીયોનલ ડાયરેક્ટર શ્રી ગીરીધર ઉપાધ્યાય વગેરે મહાનુભવની ઉપસ્થિતીમાં એવોર્ડ સ્વીકારતા ખેરગામ કોલેજના જયકુમાર બળવંતરાય પટેલ

GOVT. ARTS & COMMERCE COLLEGE * TA. CHIKHLI DIST. NAVSARI * सत्यमेव जयते KHERGAM

Principal,
Govt. Arts & Commerce College
KHERGAM, Dist. Navsari.
Code No.: 630



CamScanner

ખેરગામની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં શૈ.વર્ષ – ૨૦૨૦-૨૦૨૧ માં T.Y.B.Com માં અભ્યાસ કરી ગયેલ ચીખલી તાલુકાના સાદકપોર ગામના વતની જયકુમાર બળવંતરાય પટેલ છેલ્લા ત્રણ વર્ષમાં રાષ્ટ્રીય સેવા યોજના સ્વયંસેવક તરીકે અનેક પ્રવૃત્તિમાં ઉમદા કામગીરી અને મહત્વની ભૂમિકા ભજવવા બદલ તેમને બેસ્ટ વોલિન્ટીયર્સ રાષ્ટ્રીય સેવા યોજના ૨૦૧૯-૨૦નો એવોર્ડ માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ – ૧, સરદાર ભવન, સચિવાલય તા.૨૭/૧૦/૨૦૨૧, બુધવારના રોજ એનાયત કરવામાં આવતા સમગ્ર કોલેજ પરિવાર આનંદ અને ગૌરવ ની લાગણી અનુભવે છે.

ખેરગામ ખાતે આવેલી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજનાનો વિભાગ ૧૫ વર્ષના પ્રોગ્રામ ઓફિસર તરીકેના અનુભવી આચાર્ય ડૉ. સંજયભાઇ એમ. પટેલના સતત માર્ગદર્શન હેઠળ હર હંમેશા પ્રવૃતિમય રહી સતત પ્રગતિના પંથે આગળ વધતો રહ્યો છે. વર્ષ ૨૦૧૭-૧૮ થી ૨૦૧૮-૧૯ ના બે વર્ષના સમયગાળા તથા ૨૦૧૯-૨૦ વર્ષ દરમ્યાન આ વિભાગે સક્રિયપણે ઉમદા કામગીરી કરીને અનેક સિધ્ધિઓ હાંસલ કરી છે. " NOT ME BUT YOU " ના ઉદેશ થી શરૂ કરેલા આ વિભાગમાં અનેક ઉત્સાહી સ્વયંસેવકો ઉત્કૃષ્ટ કામગીરી બજાવી રહ્યા છે. વધુ ઉત્સાહી એવા સ્વયંસેવક જય પટેલ છેલ્લા ત્રણ વર્ષ થી રાષ્ટ્રીય સેવા યોજના ના ક્ષેત્રે અનેક પ્રવૃતિમાં ભાગ લઇ ઉત્કૃષ્ટ દેખાવ કરી ચુક્યા છે. તેમના લીડરશીપ પણા હેઠળ તેમણે વૃક્ષારોપણ, કોલેજ કેમ્પસ સાફ સફાઇ (સ્વચ્છતા અભિયાન) ગ્રામ સફાઇ અભિયાન, ગામના લોકોના સામાજીક-આર્થિક સર્વેક્ષણ (મોજણી) બે વાર્ષિક ખાસ શિબિર, એઇડ્સ અવેરનેસ પ્રોગ્રામ, એચ.આઇ.વી. એઇડ્સ ચિત્ર પોસ્ટર પ્રદર્શન, મહાત્મા ગાંધી અને સફાઇ ચિત્ર સ્પર્ધા, આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી, ૧૪ સપ્ટેમ્બર વિશ્વ અંધજન દિન ની ઉજવણી, રેડ રિબીન ક્લબ મેમ્બર અંતર્ગત ત્રણવાર સ્વૈચ્છિક રક્તદાન, થેલેસેમિયા, સિકલસેલ એનેમિયા ચેકઅપ કેમ્પ, કેમ્પસ એમ્બેસેડર તરીકે યુવા મતદાર જાગૃતિ અભિયાન, સંક્ષિપ્ત મતદાર યાદિ સુધારણા અભિયાન, યુવા સહકારી શિક્ષણ તાલીમ શિબિર,ડિઝીટલ બેંકિંગ પ્રશિક્ષણ શિબિર, શિક્ષક દિન ની ઉજવણી નિમિતે આચાર્યની ભૂમિકા, વન પર્યાવરણ પ્રકૃતિ શિક્ષણ પ્રવાસ નિમિતે સ્વામી વિવેકાનંદ મેમોરીયલ ટ્રસ્ટ વડોદરાની મુલાકાત, ૧૫ મી ઓગષ્ટ તેમજ ૨૬ મી જાન્યુઆરીના દિને પરેડની ભૂમિકા, ઇન્ટર કોલેજ સ્પોર્ટસ સ્પર્ધા, સપ્તધારા, ઉદિશા પ્લેશમેન્ટ સેલ, કોલેજનો વાર્ષિકત્સવ વગેરે જેવી તમામ સ્પર્ધામાં ભાગ લઇ વિજેતા બન્યા હતા. તેઓ N.S.S. ના જીલ્લા લેવલ પસંદગી કેમ્પ, યુનિવર્સિટી લેવલ, ઝોન લેવલ,સ્ટેટ લેવલના કેમ્પમાં પસંદગી પામ્યા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ શિક્ષણ વિભાગ ગાંધીનગર ખાતેના અને.એસ.એસ. વિભાગમાં જયકુમાર બળવંતરાય પટેલનો રીપોર્ટ મૂલ્યાંકન માટે મોકલવામાં આવ્યો હતો. જેમાં રાજ્યના શિક્ષણ મંત્રી, ઉચ્ચ શિક્ષણ સચિવ ,ઉચ્ચ શિક્ષણ કમિશ્નર, એન.એસ.એસ. રિજીયોનલ ડાયરેક્ટર, રાજ્ય એન.એસ.એસ. અધિકારીની ઉચ્ચ કક્ષાની નિમાયેલ કમિટીએ  બેસ્ટ વોલિન્ટીયર્સ રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ માટે જય પટેલની પસંદગી કરી ખેરગામ કોલેજના વિદ્યાર્થીની વર્ષ ૨૦૧૯-૨૦ના રાજ્ય કક્ષાના બેસ્ટ વોલિન્ટીયર્સ રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ માટે પસંદગી થતાં તેમને તા.૨૭/૧૦/૨૦૨૧ ના રોજ માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ – ૧માં શિક્ષણ વિભાગ ગાંધીનગરના ઓડિટોરિયમ હોલમાં રાખવામાં આવ્યું હતું જેમાં ઉપસ્થિત સ્વયં સેવકોને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. જેમાં



GOVT. ARTS & COMMERCE COLLEGE
सत्यमेव जयते
KHERGAM
TA. CHIKHLI DIST. NAVSARI

Principal
Govt. Arts & Commerce College
KHERGAM, Dist. Navsari.
Code No.: 630

CamScanner

શિક્ષણ મંત્રીશ્રી શ્રીજીતુભાઈ વાંઘાણી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) શ્રી કુબેરભાઈ ડીંડોર, શિક્ષણ અગ્રસચિવ ગુજરાત રાજ્ય શ્રી એસ. જે. હૈદર, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી એમ. નાગરાજન વગેરે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સાલ ઓઢાડી સન્માન કરી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. સમગ્ર રાજ્યમાં આદિવાસી વિસ્તારમાં આવેલી એક માત્ર ખેરગામની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજને રાજ્ય કક્ષાનો એવોર્ડ પ્રાપ્ત થાય છે જે ખેરગામ તાલુકા, નવસારી જીલ્લો અને યુનિવર્સિટીને ગૌરવન અપાવેલ છે. કોલેજ સ્થાપનાના ઇતિહાસમાં ત્રીજી વાર ભવ્ય અવસર પ્રાપ્ત થતા સમગ્ર કોલેજ પરીવાર જય પટેલને અભિનંદન પાઠવે છે.

GOVT. ARTS & COMMERCE COLLEGE
KHERGAM
TA. CHIKHLI DIST. NAVSARI

Principal,
Govt. Arts & Commerce College
KHERGAM, Dist. Navsari.
Code No.: 630


## તા.૨૭/૧૦/૨૦૨૧ - બેસ્ટ વૉલન્ટીયર્સ એન.એસ.એસ.-૨૦૨૦ એવોર્ડ













રાષ્ટ્રીય સેવા યોજના સ્વયંસેવક શ્રી જયકુમાર બળવંતરાય પટેલની રાજ્ય કક્ષાના બેસ્ટ વૉલન્ટીયર્સ એન.એસ.એસ.-૨૦૨૦ એવોર્ડ માટે પસંદગી થઈ હતી. આ એવોર્ડ તેમને ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, રાજ્ય કક્ષાના મંત્રી શ્રી ડૉ. કુબેર ડીંડોર સાહેબ, શિક્ષણ અગ્ર સચિવશ્રી એસ. ડી. હૈદર સાહેબ તથા કોલેજના આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલ સાહેબ સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.


GOVT. ARTS & COMMERCE COLLEGE
सत्यमेव जयते
KHERGAM
TA. CHIKHLI DIST. NAVSARI

Principal
Govt. Arts & Commerce College
KHERGAM, Dist. Navsari.
Code No.: 630

CamScanner

દિવ્યભાસ્કર 30/01/2021

# ખેરગામ કોલેજના વિદ્યાર્થીને વિવિધ ક્ષેત્રે ઉમદા કામગીરી બદલ બેસ્ટ વોલેન્ટીયર્સ એવોર્ડથી સન્માનિત કરાયો




ખેરગામ|ખેરગામ કોલેજમાં T.Y.B.Comમાં અભ્યાસ કરનાર જયકુમાર બળવંતરાય પટેલ છેલ્લા ત્રણ વર્ષમાં રાષ્ટ્રીય સેવા યોજના સ્વયંસેવક તરીકે અનેક પ્રવૃત્તિમાં ઉમદા કામગીરી અને મહત્વની ભૂમિકા ભજવવા બદલ તેમને બેસ્ટ વોલેન્ટીયર્સ રાષ્ટ્રીય સેવા યોજનાનો એવોર્ડ એનાયત થતા કોલેજ પરિવારે આનંદ અને ગૌરવની લાગણી અનુભવી હતી. ખેરગામ કોલેજમાં NSSમાં 15 વર્ષના પ્રોગ્રામ ઓફિસર તરીકેના અનુભવી આચાર્ય પ્રો.સંજયભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વર્ષ NOT ME BUT YOU ના ઉદ્દેશ થી શરૂ કરેલા આ વિભાગમાં અનેક ઉત્સાહી સ્વયંસેવકો ઉત્કૃષ્ટ કામગીરી બજાવી રહ્યા છે. સ્વયંસેવક જય પટેલ ત્રણ વર્ષથી અનેક પ્રવૃતિમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. વીર નર્મદ દ.ગુ.યુનિવર્સિટીએ ગાંધીનગરમાં જય પટેલનો રીપોર્ટ મૂલ્યાંકન માટે મોકલ્યો હતો. રાજ્યના શિક્ષણ મંત્રી સહિત અધિકારીની ઉચ્ચ કક્ષાની નિમાયેલ કમિટીએ બેસ્ટ વોલેન્ટીયર્સ રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ માટે જય પટેલની પસંદગી કરી હતી.જેને વર્ષ 2019-20ના રાજ્ય કક્ષાના બેસ્ટ વોલેન્ટીયર્સ તરીકે ગાંધીનગરના ઓડિટોરિયમ હોલમાં શિક્ષણ મંત્રી જીતુ વાંઘાણી સહિત અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં શાલ ઓઢાડી સન્માન કરી એવોર્ડ એનાયત કર્યો હતો. ખેરગામ કોલેજને રાજ્યમાં ગૌરવ અપાવનાર જય પટેલને મળેલી સિદ્ધિ બદલ આચાર્ય સંજય પટેલ તેમજ કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

GOVT. ARTS & COMMERCE COLLEGE * TA. CHIKHLI DIST. NAVSARI * KHERGAM

Principal,
Govt. Arts & Commerce College.
KHERGAM, Dist. Navsari.
Code No.: 630

CamScanner

વિશેષ બહુમાન  દ.ગુ. યુનિ.એ જય પટેલનો રિપોર્ટ મૂલ્યાંકન માટે ગાંધીનગર મોકલાયો હતો

# ખેરગામ કોલેજનો વિદ્યાર્થી વિવિધ ક્ષેત્રે ઉમદા કામગીરી કરવા બદલ બેસ્ટ વોલિન્ટીયર્સ એવોર્ડથી સન્માનિત

ખેરગામ કોલેજમાં T.Y.B.Com મા અભ્યાસ કરનાર જયકુમાર ભગવતરાય પટેલ છેલ્લા ત્રણ વર્ષમા રાષ્ટ્રીય સેવા યોજના સ્વયંસેવક તરીકે અનેક પ્રવૃત્તિમાં ઉમદા કામગીરી અને મહત્વની ભૂમિકા ભજવવા બદલ તેમને બેસ્ટ વોલિન્ટીયર્સ રાષ્ટ્રીય સેવા યોજનાનો એવોર્ડ એનાયત થતા કોલેજ પરિવારે આનંદ અને ગૌરવની લાગણી અનુભવી હતી.

ખેરગામ કોલેજમાં NSSમાં 15 વર્ષના પ્રોગ્રામ ઓફિસર તરીકેના અનુભવી આચાર્ય પ્ર.સંજયભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ વર્ષ "NOT ME BUT YOU"ના ઉદેશથી શરૂ કરેલા આ વિભાગમાં અનેક ઉત્સાહી સ્વયંસેવકો ઉત્કૃષ્ટ કામગીરી બજાવી રહ્યા છે. ઉત્સાહી સ્વયંસેવક જય પટેલ છેલ્લા ત્રણ વર્ષથી અનેક પ્રવૃતિમાં ભાગ લઇ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. તેમના લીડરશીપપદે વૃક્ષારોપણ, કોલેજ કેમ્પસ સાફ સફાઇ (સ્વચ્છતા અભિયાન) ગ્રામ સફાઇ અભિયાન, ગામના લોકોના સામાજીક-આર્થિક સર્વેક્ષણ (મોજણી) બે વાર્ષિક ખાસ શિબિર, એઇડ્સ અવેરનેસ પ્રોગ્રામ, એચ.આઇ.વી. એઇડ્સ ચિત્ર પોસ્ટર પ્રદર્શન, ડિજીટલ બેંકિંગ પ્રશિક્ષણ શિબિર જેવી અનેક સ્પર્ધામાં ભાગ લઇ ઉત્કૃષ્ટ કામગીરી કરી હતી. વીર નર્મદ દ.ગુ.યુનિવર્સિટીએ ગાંધીનગરમાં જય પટેલનો રિપોર્ટ મૂલ્યાંકન માટે મોકલ્યો હતો. જેમાં રાજ્યના શિક્ષણ મંત્રી સહિત અધિકારીની [illegible] કક્ષાની નિમાયેલ કમિટીએ બેસ્ટ વોલિન્ટીયર્સ રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ માટે જય પટેલની પસંદગી કરી હતી. જેને વર્ષ 2019-20ના રાજ્ય કક્ષાના બેસ્ટ વોલિન્ટીયર્સ તરીકે ગાંધીનગરના ઓડિટોરિયમ હોલમાં જેમાં શિક્ષણ મંત્રી જીતુ વાઘાણી સહિતના અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમા શાલ ઓઢાડી સન્માન કરી એવોર્ડ એનાયત કરવામા આવ્યો હતો. ખેરગામ કોલેજને રાજ્યમાં ગૌરવ અપાવનાર જય પટેલને મળેલી સિદ્ધિ બદલ આચાર્ય સંજય પટેલ તેમજ કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.



GOVT. ARTS & COMMERCE COLLEGE * TA. CHIKHLI DIST. NAVSARI * KHERGAM
सत्यमेव जयते

Principal,
Govt. Arts & Commerce College
KHERGAM, Dist. Navsari.
Code No.: 630